**બિડાણ :** ૧) સેકશન અધિકારી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ગકવ–૧૬૨૦૨૦–૬૦૪–ક.૨, તા.૧૩/૧૦/૨૦૨૦.
૨) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૪૨૦૧૪/૧૩૭૦/ક, તા.૧૩/૦૩/૨૦૨૦.

**વિષય :** કૃષિ યુનિવર્સિટીઓના કર્મચારીઓ/અધિકારીઓને છઠ્ઠા પગાર પંચ અને સાતમા પગાર પંચ અંતર્ગત ૩૦ મી જૂનના રોજ નિવૃત્ત થયેલ પેન્શનર્સને એક ઈજાફો મળવા બાબત....

---

જા.નં. નકૃયુ/રજી/એડીએમ–૧ & ૨ શાખા/૮૦૩૯-૮૮ /૨૦૨૦ તા.૨૬/૧૦/૨૦૨૦

ઈ/ચા **કુલસચિવ**
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**સામેલ :** ઉપર મુજબ

**નકલ સવિનય રવાના :** –

૧. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ/તમામ કોલેજના ડીનશ્રીઓ/ આચાર્યશ્રીઓ તરફ.
૨. યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.
૩. હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ.
૪. વહિવટી–વ–હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ.

Government of Gujarat

ક્રમાંકઃ- ગકવ-૧૬૨૦૨૦-૬૦૪-ક-૨

ગુજરાત સરકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ-૧૩/૧૦/૨૦૨૦

ફોનઃ-૦૭૯-૨૩૨૫૦૮૨૫

ઈ-મેઈલ- so-k2-agri@gujarat.gov.in

પ્રતિ,

કુલસચિવશ્રી,

કૃષિ યુનિવર્સિટી, આણંદ/નવસારી/જુનાગઢ/દાંતીવાડા.

વિષયઃ કૃષિ યુનિવર્સિટીઓના કર્મચારીઓ/અધિકારીઓને છઠ્ઠા પગાર પંચ અને સાતમા પગાર પંચ અંતર્ગત ૩૦ મી જૂનના રોજ નિવૃત્ત થયેલ પેન્શનર્સને એક ઇજાફો મળવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે કુલસચિવશ્રી, કૃષિ યુનિવર્સિટી, આણંદ/દાંતીવાડા તરફથી મળેલ દરખાસ્ત અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે, રાજ્ય સરકારના કર્મચારીઓ દ્વારા નામ. ગુજરાત હાઇકોર્ટમાં SCA નં. ૨૦૬૯૨/૨૦૧૯, ૨૦૭૦૦/૨૦૧૯, ૨૦૭૦૨/૨૦૧૯ માં તા.૨૬/૧૧/૨૦૧૯ના કોમન ઓરલ ઓર્ડરના અનુસંધાને નાણા વિભાગના પરામર્શ બાદ શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૩/૩/૨૦૨૦ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૪૨૦૧૪/૧૩૭૦/ક થી(નકલ સામેલ છે) હુકમ કરવામાં આવેલ છે, જેની વિગતો ધ્યાને લેવા અને સંબંધિતોને તે અંગે જાણ કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(કે.આર.બારોટ)

સેક્શન અધિકારી

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણઃ ઉપર મુજબ

નકલ રવાનાઃ

સિલેક્ટ ફાઇલ (શાખા સંગ્રહ)

A1 શાખા
A2 23/10

23 OCT 2020

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
ઈ.નં. ૬૦૮
26 OCT 2020
એડીએમ-૩ શાખા

નામદાર હાઇકોર્ટના SCA No. ૨૦૬૯૨/૨૦૧૯ તથા સમાન પ્રકારની અન્ય પીટીશનો અંતર્ગત કરવામાં આવેલ અલગ અલગ હૂકમો અન્વયે નિર્ણય થવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૪૨૦૧૪/૧૩૭૦/ક
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૩/03/૨૦૨૦

વંચાણે લીધા-

(૧) નામદાર હાઇકોર્ટનો SCA No.૨૦૬૯૨/૨૦૧૯ અને સંલગ્ન પીટીશનો અંતર્ગત તારીખ ૨૬/૧૧/૨૦૧૯નો ઓરલ ઓર્ડર.

(૨) નામદાર હાઇકોર્ટનો SCA No.૨૦૬૯૭/૨૦૧૯ અને સંલગ્ન પીટીશનો અંતર્ગત તારીખ ૨૬/૧૧/૨૦૧૯નો ઓરલ ઓર્ડર.

(૩) નામદાર હાઇકોર્ટનો SCA No.૨૧૯૧૭/૨૦૧૯ અંતર્ગત તારીખ ૧૩/૧૨/૨૦૧૯નો ઓરલ ઓર્ડર.

(૪) નામદાર હાઇકોર્ટનો SCA No.૧૯૭૯૫/૨૦૧૯ અને સંલગ્ન પીટીશનો અંતર્ગત તારીખ ૨૭/૧૧/૨૦૧૯નો ઓરલ ઓર્ડર.

(૫) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીનો તારીખ ૨૪/૦૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક : પ્રાશિનિ/નીતિ/૨૦૨૦/ક/૧૦૮૬.

આમુખ :

અરજદાર શ્રી છગનભાઇ રામદાસ પટેલ અને અન્ય અરજદારો દ્વારા નામદાર હાઇકોર્ટમાં SCA No.: ૨૦૬૯૨/૨૦૧૯ અને અન્ય પીટીશનો ફાઇલ કરી, તેઓ તારીખ 30 જૂનના રોજ નિવૃત થયેલ હોય અને એક વર્ષની સેવા પૂર્ણ કરેલ હોય, તેઓને તારીખ 30 જૂનના રોજ એક ઇજાફો આપી તે રીતે પગારબાંધણી કરવા દાદ માંગવામાં આવેલ હતી.

શ્રી પટેલની જેમ અન્ય પીટીશનરો દ્વારા નામદાર હાઇકોર્ટમાં SCA No.: ૧૯૭૯૫/૨૦૧૯, SCA No.: ૨૦૬૯૭/૨૦૧૯, SCA No.: ૨૦૭૦૦/૨૦૧૯, SCA

No.: ૨૦૭૦૨/૨૦૧૯, SCA No.: ૨૦૭૦૩/૨૦૧૯, SCA No.: ૨૦૭૦૪/૨૦૧૯, SCA No.: ૨૦૭૦૬/૨૦૧૯, SCA No.: ૨૦૭૫૨/૨૦૧૯, SCA No.: ૨૦૭૫૩/૨૦૧૯, SCA No.: ૨૦૭૫૪/૨૦૧૯, SCA No.: ૨૦૭૫૫/૨૦૧૯ અને SCA No.: ૨૧૯૧૭/૨૦૧૯ વગેરે પીટીશનો ફાઇલ કરી, સમાન પ્રકારની દાદ માંગવામાં આવેલ હતી.

ઉક્ત તમામ પીટીશનો નામદાર હાઇકોર્ટ દ્વારા તારીખ ૨૬/૧૧/૨૦૧૯ના સંદર્ભ (૧) તેમજ સંદર્ભ (૨) થી (૪) હેઠળના અલગ અલગ ઓરલ ઓર્ડરથી નીચે મુજબનો સમાન પ્રકારનો હૂકમ કરવામાં આવેલ હતો.

6. This petition is therefore disposed of by directing the respondent authorities to act through their competent authority to decide the representation which may be made by the petitioners as above within eight weeks from the date of receipt of such representation. Such decision shall be taken keeping in mind the facts of the case of the petitioners, the applicable rules as well as after examining the applicability or otherwise of the law laid down by the Madras High Court as above.

7. This Court has not examined any opinion on the merits of the case of the petitioners. This petition came to be disposed of in the aforesaid terms.

ઉક્ત હૂકમ અન્વયે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા તારીખ ૨૪/૦૨/૨૦૨૦ના સંદર્ભ (૫) હેઠળના પત્રથી SCA No.: ૨૦૬૯૨/૨૦૧૯ અને SCA No.: ૨૦૬૯૭/૨૦૧૯ અંતર્ગત નામદાર હાઇકોર્ટના તારીખ ૨૬/૧૧/૨૦૧૯ના ઓરલ ઓર્ડર અનુસંધાને સરકારશ્રીના આદેશાર્થે કરવામાં આવેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

હૂકમ :

ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩૯(૧)થી કરવામાં આવેલ જોગવાઇ મુજબ ઇજાફો જે મહિનામાં ઉપાર્જિત થાય તે મહિનાની પહેલી

૯૬૩ 157/ન.પ

તારીખથી મળવાપાત્ર થાય છે. આ જોતાં, જે કર્મચારી 30 જૂનના રોજ નિવૃત્ત થાય તેઓના કિસ્સામાં, નિવૃત્તિ પહેલા ૧૨ માસની સેવા પૂર્ણ કરી હોય તો પણ, કર્મચારી નિવૃત્તિ બાદ ૦૧ જુલાઇના રોજ કર્મચારી રહેતો નથી પરંતુ પેન્શનર બની જાય છે તે બાબતને ધ્યાને રાખતાં, નિવૃત્તિ બાદ ૦૧ જુલાઇના રોજ મળવાપાત્ર ઇજાફો મળવાપાત્ર બનતો નથી. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ના નિયમોમાં આ પ્રકારનો નિવૃત્તિ બાદનો ઇજાફો નોશનલ ચુકવવાની કોઇ જોગવાઇ કરવામાં આવેલ નથી. આથી પુખ્ત વિચારણાને અંતે, આમુખમાં દર્શાવેલ કેસના પીટીશનરોને ઇજાફો મળવાપાત્ર થતો નથી તે મુજબનો હૂકમ કરવામાં આવે છે.

આ હુકમ આ વિભાગની સમાન ક્રમાંકવાળી ફાઇલ ઉપર નાણા વિભાગની તારીખ ૧૧/03/૨૦૨૦ની નોંધથી મળેલ મંજુરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

13.3.2020

(જે.એમ.મિસણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

16/03/2020

13/03/2020

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- સંબંધિત કોર્ટકેસના તમામ અરજદારો. (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- સિલેક્ટ ફાઇલ.
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.